# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

લટકાવે છે ગાજર, કોણીએ ગોળ ચોડસે!
કેન્દ્રમાં પણ જાહેરાતોની 'બૂલેટ' છોડસ!
તોડસે-જોડશે, જૂની ટ્રેનો સેટીંગ કરશે -
ખખડેલા પાટે 'હાઇ સ્પીડ' વિકાસ દોડશે!

**હાઇકુ**

બનસે ફરી
'પાટણ' રાજધાની -
ગુજરાતનું..
(વિકાસનું એપી સેન્ટર)

ઘરના ભૂવે -
રહ્યું ફ્લેગ સ્ટેશન!!
ગાંધીનગર..
(મોટો થા..)

## ચિંતન

**ન કશ્ચિચ્ચંડ કોપાનાત્માત્મીયો નામ ભુમુજામ । હોતારમપિ જુહાનું સ્પૃષ્ટો દહતિ પાવકઃ ॥**

આ શ્લોકમાં રાજદ્વેષ અને રાજકોપની વાત કહેવામાં આવી છે :

ખરેખર, ભયંકર ક્રોધ-ગુસ્સાવાળા રાજવીઓને કોઇ પોતાનો અંગત પ્રિય કે લાગણીનાં સંબંધવાળો હોતો જ નથી. આવા ક્રોધી રાજાઓ અગ્નિ જેવા છે, યજ્ઞમાં અગ્નિને આહુતિ આપનારા આમ જુઓ એને પોષણ જ આપે છે, આમ છતા જો આહુતિ આપનાર ભૂલથી પણ અગ્નિને સ્પર્શી જાય તો પણ અગ્નિ તો તેને દઝાડે જ છે; અર્થાત અગ્નિ એમ વિચારી એના પર દયાભાવ રાખતો નથી આ તો મને પોષક તત્ત્વોની આહુતિ આપવાનું જ કામ કરે છે એને ન દઝાડાય!'

જે રાજા, ક્રોધી છે અને કદરહીન છે તે સ્વાર્થી છે એ એવા સાથીદારોનો કસ કાઢી, ચૂસી સ્વાર્થ સરી જાય પછી ફેંકી દે છે, પડખે મૂકી દે છે જેનામાં સ્વાર્થ દેખાય તેને છાપરે ચઢાવે છે. આવા સ્વાર્થી રાજા હોય કે કોઇ પણ સત્તાધીશ અધિકારી એને લાગણી-પ્રેમના સંબંધ હોતા જ નથી. આંખની શરમ કે હૃદયના આઘાત લાગતા નથી, કામ પતે પછી તું કોણ - હું કોણ!

અહીં હવનના અગ્નિનું દૃષ્ટાંત આપી આ વાત સમજાવી છે, આહુતિ આપનારને પણ અગ્નિ તો દઝાડે જ છે.

## સુવિચાર

- કોઇ વાસના કે વિચારો એટલા ઊંડે નથી જતા જેટલે ઉંડેથી સાચી પ્રાર્થના પ્રગટતી હોય છે, શરીરના અણું એ અણુ ઇશ્વરને પોકારતા થઇ જાય એવી શક્તિ પ્રાર્થનામાંથી મળે છે **- જનકલ્યાણ**
- જે યાદ રાખવું પડે છે એ જ્ઞાન નથી, જીવનને બદલે તે જ્ઞાન છે, જે જ્ઞાન તમારી સ્મૃતિ (મેમરી) નહીં, તમારો પ્રાણ બનીને તમારામાં ધબકે છે તે સાચું જ્ઞાન છ **- જ્ઞાનસૂત્ર**
- પરિવર્તન એ કંઇ અનિવાર્યતાના પૈડા પર ફરતું નથી... એ તો સંઘર્ષ કરવા થકી જ પરિવર્તન શક્ય બને છે **- માર્ટીન લ્યુથર કિંગ જૂનિયર**
- દરેક સમાજમાં કેટલાક શાસન કરવા જ જન્મતા હોય છે તો કેટલાક સલાહ આપવા માટે પેદા થયા હોય છે **- ટી.એસ. ઇલીયટ**
- જીવનમાં બે મૂળભૂત વિકલ્પ હોય છે, પહેલો પરિસ્થિતિ જેવી છે તેવી સ્વીકારીને જીવી જવું, અને બીજો વિકલ્પ તેને બદલવા પડકાર ઉઠાવવો **- સંત રોબિન**
- ગુણવત્તા અને સારો ઉછેર બધી જ જગ્યાએ પોતાનું વિશેષ સ્થાન બનાવી લે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ઉત્તમ પુસ્તક મહાન આત્માના અમૂલ્ય જીવનનું લોહી છે **- ચંદ્રકાન્ત બક્ષી**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે સૌ પ્રશંસાના ભૂખ્યા છીએ, એમાં ય કોઇ ખ્યાતનામ વ્યક્તિએ પત્ર દ્વારા કે કોઇ રીતે લેખિતમાં પ્રશંસા કરી હોય તો તો એ આપણા માટે પ્રમાણપત્ર જેવો દસ્તાવેજ જ થઇ જાય!

વિનોબાજીએ, ગાંધીજીએ લખેલી ટપાલ મળી શિષ્ય ગણપત રાવે ટપાલ વિનોબાજીના હાથમાં મૂકી - વિનોબાજીને ટપાલ વાંચી અને સ્મિત સાથે પત્રના ઝીણા ઝીણા કટકા કરી ફાડી નાખી.

ગણપત રાવે કહ્યું, અરે ગાંધીજીનો પત્ર - ફાડી કેમ નાખ્યો? વિનોબાજીએ કહ્યું એમાં થોડું કંઇક ગલત લખ્યું હતું - એટલે ફાડી નાખવો પડ્યો.

ગણપત - 'પણ તમે તો કહેતા હતા ને કે ગાંધીજી કદાપિ ગલત કરે - કહે - લખે જ નહીં!'

વિનોબાજીએ કહ્યું, હા, પણ આમાં થોડુંક કંઇક લખ્યું હતું. ગણપત રાવને ખુબ જ આશ્ચર્ય થયું અને દ્વિધા ભરી દૃષ્ટિથી વિનોબાજીને દંગ થઇ જોતા જ રહ્યા.. આખરે વિનોબાજી કહે - એમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી. આ પત્રમાં ગાંધીજીએ મારાં એક કાર્યને બિરદાવી મને 'સર્વશ્રેષ્ઠ-ગુણીજન' કહ્યો હતો. આ ખોટું છે બાપુથી શ્રેષ્ઠ અને ગુણીજન કોઇ હોઇ જ ન શકે!

આવો પત્ર હું સાચવી રાખું તો લાંબે ગાળે મારામાં અહંકાર જન્મે - અને મારી પ્રગતિમાં બાધક બને - એટલે એ પત્ર વાંચીને મેં તરફ ફાડી જ નાખ્યો!

Email - sureshchandrabhatt18@gmail.com

# લઘુ અખબાર અને પત્રકારત્વ : દિશાશૂન્ય સ્થિતિએ

## મોરપીંછના રંગ

- ડો. કનૈયાલાલ ભટ્ટ

સુરેન્દ્રનગર જિલ્લો આજે લઘુ અખબારોની માતૃભૂમિ સમાન છે અને પત્રકારત્વ ક્ષેત્રે ખુબ જ વગોવાઈ ગયેલો છે. એ એક વિવાદાસ્પદ હકીકત છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આજે ૧૭૦થી પણ વધુ લઘુ અખબારો સરકારી ચોપડે પ્રસિદ્ધ થયાના પુરાવાઓ આપે છે અને તે પણ કેવા કેવા વિચિત્ર શીર્ષકથી... એ એક જાણવા જેવી હાસ્યાસ્પદ બાબત છે. જોકે ગુજરાતભરમાં આજે વધુને વધુ સંખ્યામાં લઘુ અખબારોનું પ્રકાશન એક સમસ્યા બની ગયું છે. એમાં સુરેન્દ્રનગર જિલ્લો કદાચ સૌથી આગળ છે. આજે ગુજરાતભરમાં (દેશમાં પણ) એક તંત્રીની કિંમત માત્ર ત્રણ રૂપિયાની છે ? એક નિયત ફોર્મમાં સાવ સામાન્ય વિગત ભરી ત્રણ રૂપિયાની સરકારી ટિકિટ લગાવી ટાઈટલ મંજૂરી માટે કલેકરશ્રીની કચેરીએ મોકલી આપો. ત્યાંથી આપણા શીર્ષક દિલ્હી કચેરીએ જાય અને બે-ચાર-છ કે આઠ મહિને મંજૂરી... અને બની જઈશું 'તંત્રી' એક અખબારના માલિક. માત્ર ત્રણ રૂપિયામાં, શું તંત્રીની, પત્રકારત્વની કિંમત આટલી જ છે ? શું તંત્રી એટલે સાવ સસ્તામાં વહેંચાતો માણસ? આજે ભારતમાં માત્ર બે જ ચીજ સસ્તી છે એક ભારત સરકારનું પોસ્ટકાર્ડ જે માત્ર ૫૦ પૈસામાં મળે છે અને બીજી એક અખબારનું 'તંત્રી પદ' જે માત્ર ત્રણ રૂપિયામાં મળે છે. તંત્રી બનવા માટે કોઈ લાયકાતની જરૂર નથી, કોઈ અનુભવની જરૂર નથી, કોઈ લાંચ આપવાની જરૂર નથી, કોઈ ઓળખાણની જરૂર નથી, જરૂર છે માત્ર ત્રણ રૂપિયાની સરકારી ટિકિટની. ભારત સરકાર આજે તંત્રીપદ સાવ સસ્તામાં વહેંચીને લોકશાહીનો અમલ ઉત્તમ રીતે કરે છે. પરંતુ ભારત સરકાર એ નથી જાણતી કે આ 'તંત્રીપદ'ની લ્હાણી કરીને ભારતીય લોકશાહીને કેટલું નુકસાન પહોંચાડે છે. આજે તંત્રી બનવું એ રમત બાબત છે. જિલ્લા અદાલતમાં કોઈ સામાન્ય ગુનેગાર મુદત હોવાથી કોર્ટમાં હાજરી પુરાવવા આવ્યો હોય અને તેને વિચાર આવે કે લાવોને આ બધી માથાકૂટ કરતા 'તંત્રી' બનીએ, તરત બાજુની ઓફિસેથી એક સામાન્ય ગુજરાતી નિયત ફોર્મ લઈને ત્યાં જ ભરીને કે કોઈની પાસે ભરાવીને ત્રણ રૂપિયાની કોર્ટની ટિકિટ ત્યાં જ લગાવી ત્યાં જ આપી દે અને એ મોકલાંય દિલ્હી કચેરીએ... અને બે-ચાર-છ મહિને મળી જાય મંજૂરી... પેલી કોર્ટનો કેસ હજી ચાલતો જ હોય અને આ ગુનેગાર સાહેબ બની જાય 'તંત્રી'. ટૂંકમાં આજે સરકારી પટ્ટાવાળાની પોસ્ટ મેળવવી હોય તો પણ બે-ત્રણ લાખ રૂપિયાની જરૂર પડે છે જ્યારે સરકારી તંત્રી બનવા માટે પૂરા પાંચ રૂપિયાની પણ જરૂર નથી પડતી. શું પત્રકાર કરતા પટ્ટાવાળાની પોસ્ટ ઊંચી છે ? શું પત્રકારની આવી કિંમત ? કાં તો પત્રકાર બનવા માટે રૂ. બે-ચાર લાખની લાંચ લેવાની શરૂ કરવી જોઈએ અથવા પટ્ટાવાળાની પોસ્ટ માટે લાંચ લેવી બંધ કરવી જોઈએ જેથી લોકો પત્રકાર બનતા અટકીને પટ્ટાવાળાની પોસ્ટ મેળવીને પોતાના પરિવારનું ભરણપોષણ તો કરી શકે.

આજે ગુજરાતભરમાં મોટાભાગના લઘુ અખબારોના તંત્રીઓની સ્થિતિ ત્રિશંકુ જેવી છે. આજે પત્રકારત્વ ભયજનક સપાટી વટાવી ચૂક્યું છે. છતાંય સરકાર કેમ કોઈ પગલાં લેતી નથી ? કેમ કોઈ નીતિ નિયમો નથી ? કેમ કોઈ બંધારણ, કાયદાઓ, આચારસંહિતા નથી ? આજે ગુજરાતમાં કેટલાય લઘુ અખબારના તંત્રી એવા છે કે જેમને લખતા પણ નથી આવડતું. સમાચારોનું લખાણ બીજા પાસે લખાવવું પડે છે. તંત્રી લેખો પણ બીજાઓની પાસે લખાવવા પડે છે અને કદાચ અનુભવ ન હોવાથી લખતા ન આવડે તો પછી સરકારે આવા બિનઅનુભવી કે ઓછું ભણેલા તંત્રીઓ-પત્રકારો માટે છ મહિનાનો, એકાદ વર્ષની તાલીમ શિબિર, અભ્યાસક્રમ ફરજિયાત બનાવવો જોઈએ. જેથી તેઓને પત્રકારત્વની સાચી કિંમત સમજાય. બીજા દરેક ક્ષેત્રોમાં શિબિરો યોજાય છે. પત્રકારત્વની શિબિર, તાલીમ કેમ્પો કેમ નથી યોજાતા? ઘણાય એવા બિચારા તંત્રીઓ છે જે તાલીમના અભાવે, અનુભવના અભાવે આડેધડ લખ્યા કરે છે અને પોતે જાણે પણ છે કે પોતાના લખાણથી સમાજ ગેરમાર્ગે દોરાય છે, પણ શું કરે ? ભારત સરકારે તંત્રી બનાવી દીધા છે એમાં પોતે શું કરે ? સરકારે તંત્રી બનાવ્યા તો તાલીમ પણ સરકારે આપવી જ પડે ને ? જો પોલીસ લોકોનો રક્ષક હોવાથી તેને ભરતી થયા પછી તાલીમ અપાતી હોય તો પત્રકાર તો આખાય સમાજનો ઘડવૈયો છે તેને કેમ તાલીમ નહીં ? કેમ કે પત્રકારત્વ તો રચનાત્મક અભિગમ વાળુ ક્ષેત્ર છે નહીં કે ખંડનાત્મક પ્રવૃત્તિનું પ્રાંગણ.

લઘુ અખબાર એ સમાજનું આબેહુબ પ્રતિબિંબ પાડતો વિશાળ કદનો અરિસો છે અને આ અરિસાનો સર્જક એ અખબારનો તંત્રી કે પત્રકાર હોય છે. સાચું પત્રકારત્વ સ્વતંત્રતાના પરિવેશથી શોભે છે. જ્યાં વિચારોની, સંબંધોની સ્વતંત્રતા નથી ત્યાં સાચું પત્રકારત્વ પણ નથી. જોકે ઘણા પત્રકારો તો પોતાની સ્વતંત્રતા પોતાના હાથે જ વહેંચી દેતા હોય છે. પોતાના તટસ્થ વિચારોનો પ્રવાહ કોઈ ચોક્કસ દિશા તરફ વાળી દે છે. પરંતુ આજે પત્રકારો ભૂલી ગયા લાગે છે કે સમાજમાં ક્રાંતિ કે પરિવર્તન પત્રકારો જ લાવી શકે છે. જો કે સાહિત્યનો સ્પર્શ હોવો જરૂરી છે. નીડરતા, તટસ્થતા, નિષ્પક્ષતા, સત્યતા, ધૈર્યતા, ચતુરતા અને સ્પષ્ટતા આ સાત ગુણ સફળ પત્રકારના છે. આજના ત્રણ રૂપિયામાં બની બેઠેલા અમુક પત્રકારો/તંત્રીઓમાં આમાંથી કેટલા ગુણ જોવા મળે છે એ એક પ્રશ્ન જ છે. સાચુ પત્રકારત્વ પરિવર્તનનો પાયો છે. જેના પર સમાજના ઉજ્જવળ ભવિષ્યની ઈમારત બનાવી શકાય છે.

જો કે આપણે સૌ સમજીએ છીએ કે લઘુ અખબાર ચલાવવું એ લોઢાના ચણા ચાવવા જેવી વાત છે કેમ કે ઘણી બધી સમસ્યાઓની સાથે ચાલવું પડે છે. સમાધાન કરવું પડે છે. લઘુ અખબારનું કાંઈ સમગ્ર ગુજરાતમાં વિતરણ કોઈ કરતું નથી અને તાલુકા કે જિલ્લા કક્ષાએ એનું વિતરણ થાય છે. હવે આજે મોટા ભાગના જિલ્લાઓમાં ૫૦ કે ૧૦૦થી વધુ સાપ્તાહિકો પ્રસિદ્ધ થાય છે. કોઈને સમાચાર લાવવામાં, બનાવવામાં રસ નથી. સમાચારો મળતા નથી. મળે છે તો ઘણાને લખતા આવડતા નથી. વળી આવા લઘુ અખબારોનો ફેલાવો કેટલો ? વિતરણ કેટલું ? એ બીજો પ્રશ્ન છે. વળી છાપકામનો ભાવ વધારો, મોંઘા કાગળ આ બધા આર્થિક પાસાઓ પણ લઘુ અખબારોને પજવે છે. પરિણામે ગમે તેવા સત્યવાદીને પણ થોડા અસત્યનો સહારો લેવો જ પડે છે. કોઈ સીધા રસ્તે જતા પત્રકારો/તંત્રીઓ પોતાના હોદ્દાનું ગૌરવ જાળવી શકતા નથી. એમાં વળી એક પછી એક શરૂ થતા લઘુ અખબારોને પોતાના જ હરીફ ગણીને પોતે વધુને વધુ ગૌરવ ગુમાવતા જાય છે. આ સત્યને કોઈ સમજતું નથી અને જો સમજે છે તો સ્વીકારતું નથી. કેમકે આજે એક જ જિલ્લાના લઘુ અખબારોમાં એકતા નથી. એક જ જિલ્લામાં બે-ત્રણ કે ચાર તંત્રી સંઘ, પત્રકાર સંઘ જોવા મળે છે. ગુજરાત અને પ્રદેશ કક્ષાએ પણ આવું જ છે. માટે સૌ કોઈ એક બનીને રચનાત્મક અભિગમ અપનાવી લઘુ અખબારોની સ્થિતિનું મુલ્યાંકન કરશે તો જરૂર સમસ્યાઓ ઉકેલી શકાશે. સમાજને નવો રાહ ચીંધી શકાશે. નહિતર તંત્રી સંઘ સામસામે આક્ષેપો કરવામાં રહી જશે અને સમસ્યાઓ વધતી જશે. એક જ જિલ્લામાં એક કરતા વધુ તંત્રી સંઘ કે પત્રકાર સંઘ હોવા એ જ પત્રકારોમાં એકતાનો અભાવ દર્શાવે છે અને પરિણામે પત્રકારોનું લઘુ અખબારોના તંત્રીઓનું ગૌરવ જળવાતું નથી.

જો લઘુઅખબારોની સ્થિતિ તંત્રીઓ અને પત્રકારોની સ્થિતિ સુધારવી હશે, ખંડિત થયેલી પ્રતિષ્ઠા ફરીથી પૂનર્જીવિત કરવી હોય તો બધા તંત્રીઓએ એક બનીને 'ગુજરાત લઘુ અખબાર આચારસંહિતા' ઘડવાની ખાસ જરૂર છે. જેમાં તંત્રી બનવા માટે પત્રકાર બનવા માટે અમુક કક્ષા સુધીનો અભ્યાસ, પત્રકારત્વનો અમુક વર્ષનો અનુભવ અને 'તંત્રીપદ' મેળવવા માટે અમુક નક્કી કરેલી પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત રાખવાની ખાસ જરૂર છે. નહીતર હવે થોડા વર્ષોમાં શેરીએ શેરીએ ઘેર ઘેર તંત્રીઓ, પત્રકારો જોવા મળશે અને તે પણ ત્રણ રૂપિયા વાળા. આ બાબતે મોટા દૈનિકોએ ખાસ નોંધ લઈને જાગૃત થવાની જરૂર છે.

આજે દરેક જિલ્લામાં પત્રકારોની/તંત્રીઓની સ્થિતિ અંગે કેમ કોઈ વિચારતું નથી ? પોતાનું અખબાર ચલાવવા શું સાવ સસ્તામાં પોતાનું 'તંત્રીપણું' વહેંચી દેવાનું ? એકાદ નાની મોટી જાહેરાત મેળવવા આપણે ગમે તેવા માણસના વખાણ જાહેરમાં કરવાના? શું આ છે આપણું પત્રકારત્વ ? અને જો જાહેરાત ન આપે તો તેના વિશે ગમે તેવું છાપવાનો આપણો ક્યાંનો ધર્મ છે? લઘુ અખબાર ચલાવવા માટે આવા ગૌરવહિન મરણિયા પ્રયાસો ક્યાં સુધી આપણે કરીશું ? જેમ ભારત દેશની ગરીબાઈનું મુખ્ય કારણ વસ્તી વધારો છે તેમ લઘુ અખબારોના તંત્રીઓની ગરીબાઈનું મુખ્ય કારણ લઘુ અખબારોનો વસ્તી વધારો જ છે. જો જિલ્લાની વસ્તીનું પ્રમાણ ધ્યાનમાં રાખીને અમુક નિયત સંખ્યામાં જ લઘુ અખબારોને મંજૂરી આપવામાં આવે તો જ પત્રકારત્વનું ગૌરવ જળવાશે. દરેક અખબાર ચાલી શકશે, વેપારીઓ પણ હોંશે હોંશે પોતાની જાહેર ખબર આપશે. પરંતુ આજે તંત્રીઓનું/પત્રકારોનું નામ પડતા જ વેપારીઓના, સારા માણસોના મોં ચડી જાય છે. કોઈ આજે જાહેરખબર આપવા તૈયાર નથી. આવી વિકટ પરિસ્થિતિનું મુલ્યાંકન કેમ કોઈ કરતું નથી ? ઘણાય જિલ્લાઓમાં તો 'હું પત્રકાર છું' એમ કહીને ઘણા સાચા પત્રકારો પોતાની જાતનું ગૌરવ ઘટાડવા તૈયાર નથી. આ સ્થિતિ છે આપણી, હવે પત્રકારો અને તંત્રીઓની પ્રતિષ્ઠાનો પ્રશ્ન ઊભો થયો છે. આ અંગે ઘટતું વિચારીને પોતાના લઘુ અખબારની પ્રતિષ્ઠા જોખમાય નહી અથવા સુધરે એ રીતે વાણી વર્તન અને વ્યવહારનો સમન્વય કરવાની ખાસ જરૂર છે અને 'તંત્રીપદ'ના ભાવને પત્રકારત્વના અભિગમને થોડા વિસ્તૃત અર્થમાં સમજવાની જરૂર છે. તો જ ગુજરાતી લઘુ અખબારી પત્રકારત્વનો ઈતિહાસ સુવર્ણ અક્ષરે લેખાશે.

# જીવનના મહાન પડકારોને પહોંચી વળવાનું બળ તો જ્ઞાન દ્વારા જ પ્રાપ્ત થાય

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

**વયસિ ગતે કા કામવિકારા શુષ્કે નીરે કઃ કાસરઃ**
**નષ્ટે દ્રવ્યે કઃ પરિવારો, સાતે તત્વે કઃ સંસારઃ**

**- શંકરાચાર્યજી**

જગદ્‌ગુરૂ આદ્ય શંકરાચાર્યના પ્રખ્યાત સ્ત્રોત્ર 'ભજ ગોવિન્દમ્' નો આ શ્લોક છે. જગતગુરૂ જ્ઞાન તથા ભક્તિના પરમ જ્ઞાતા હતા. અદ્વૈત-સિદ્ધાંતના સ્થાપક હોવા સાથે તેમના હૃદયમાં શ્રદ્ધા તથા ભક્તિ ભાવો ભર્યા હતા. માત્ર કોરા વાચનથી આત્મોદ્ધાર ન થાય તેમ તેઓ માને છે. નિયમો કે વ્યાકરણના સિદ્ધાંતોની ગોખણપટ્ટીથી મરણનો ભય ટાળી શકાતો નથી. જીવનના મહાન પડકારોને પહોંચી વળવાનું બળ તો જ્ઞાન દ્વારા જ પ્રાપ્ત થાય. આચાર્ય કહે છે 'પ્રાપ્તે સંમિતિતે મરણે' એટલે માત્ર શારીરિક મરણ ટાણે નહિં. પરંતુ મૃત્યુને પણ સારું કહેવડાવે તેવી ખતરનાક પરિસ્થિતિમાં ટકવાનું બળ તો આત્મજ્ઞાન વડે જ મળે છે અને તે માટે તો સદ્‌ગુરૂનો આશરો લેવો જોઇએ. આ વાત આપણા ઋષિમુનિઓ તો જાણતાં જ હતા. પરંતુ સૂફી સંતોએ પણ એ કથન દોહરાવ્યુ્ છે. 'મનસૂર' કહે છે -

"મુસલ્લા છોડ, તસબી તોડ, કિતાબેં ડાલ પાની મેં,"

વાચન તો માત્ર જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ દર્શાવે છે એ માર્ગ તો જનારે જાતે પગલાં ઉપાડવા જોઇએ. એ ડગ ત્યારે જ ઉપડે જયારે સંસારની આસક્તિ છોડી એક નવા માર્ગ પર ગતિ કરવાનો નિશ્ચય થાય સોઇ મકરંદના શબ્દોમાં "નોટ ને સિક્કા નાખ નદીમાં, દુળિયે માર્ગે ચાલ" આ ધુળીયો માર્ગ એ પરમને પ્રાપ્તિ કરવાનો માર્ગ છે. તે માર્ગ પર ડગલાં પાડવાના ત્રણ સિદ્ધાંતો દર્શાવાયા છે.

શ્લોકના ચારે ચરણોમાં સનાતન સત્ય વ્યક્ત થયેલ છે. 'કામ' ને આપમે ત્રીજો પુરૂષાર્થ કહ્યો છે. ધર્મ પ્રમાણે કામ-ભોગની વ્યવસ્થા પણ શાસ્ત્રોએ કરી છે. ગૃહસ્થાશ્રમના વર્ષો કામાભોગ માટે છે. આ અનુસંધાનમાં આચાર્ય જણાવે છે કે કામ-ભોગની વય પુરી થઇ ગઇ હવે કામમાં આસક્તિ છોડો. જો તમે કુદરતના નિયમોને આવગણી કામ ભોગ માટે ફાંફાં મારશો તો રોગ તથા મૃત્યુને આમંત્રણ જ આપશો. જાત-જાતની વાજીકરણ દવાઓ લેનાર માટે આ ઉપાલંભ છે. ઘણાં વર્ષ ભોગવ્યા હવે પશ્ચિમ તરફ નહી પરમાત્મા તરફ દૃષ્ટિ નાખવાની. પણ પશ્ચિમના રંગે રંગાયેલા લોકો નથી જાણતા કે ત્યાં તો માત્ર 'અર્થ' અને 'કામ' બેજ પુરૂષાર્થ છે. પૈસા કમાવા તથા સેક્સ ભોગવવા તેઓ ગમે તેવું આચરણ કરે છે. ત્યાંનું વાતાવરણ, માંસાહાર તથા મદ્યપાન - સૌ કમ ષોષક છે. આમ છતા દરેકના જીવનમાં એક એવો સમય અવશ્ય આવે છે. જયારે કામવાસના નષ્ટ થઇ ગઇ હોય. ઘણી વ્યક્તિઓ એવું કહે છે સેક્સ ગમે તે ઉંમરે ભોગવાય તેથી તન-મનની તંદુરસ્તી વધે છે. પરંતુ આપણા શાસ્ત્રો પ્રમાણે તો વન-પ્રવેશ પછી સંયમ તથા સ્વેચ્છા ત્યાગ સ્વીકારાયો છે.

બીજા ચરણમાં સામાન્ય ઉદાહરણ છે. પાણીથી ભરેલ હોય તો તળાવ નામ સાર્થક થાય. વહેતી હોય તે નદી ગણાય. પણ પાણી સાવ સુકાઇ જાય. કોરું ભઠ થઇ જાય ત્યારે તેને તળાવ કેમ ગણવું. ખાબોચિયામાં થોડું પાણી હોય તો તેને નદી ના કહેવાય. 'શુષ્ક નીરે' એટલે કે શક્તિ વિનાના કાપુરૂષને બહાદુર કે વીર ક્ષેજ કહેવાય... તળાવ ભરેલ છે. તે માટે તળાવ છે.

ત્રીજું સૂત્ર તો આચાર્યશ્રીને સંસાર-અંગેનું જ્ઞાન કેટલું છે તે દર્શાવે છે. આપણી આસપાસનો આ સંસાર તો સ્વાર્થનો ભરેલો છે. સ્વાર્થના પાયા પર સંસારનું નિર્માણ થયું છે. યાજ્ઞવલ્ક્ય પત્નીને કહે છે સૌને પોતાનો આત્મા પ્રિય છે. મોટા ભાગના પરિવારો પણ સ્વાર્થ ભાવે સંકળાયેલા હોય છે. સ્ત્રોતની શરૂઆત પણ આવા અર્થના શ્લોકથી થઇ છે. જયાં સુધી વિત્ત-ઉપાર્જન કરવામાં સશક્તિ છો ત્યાં સુધી આ સૌ રક્ત છે. પછી વૃદ્ધાવસ્થા આવશે. દેહ જર્જર થશે. કાયા ધ્રૂજશે ત્યારે ઘરમાં પણ કોઇ ભાવ નહિં પૂછે. સંસારમાં તો 'નાણાં વિનાનો નાથીયો ને નાણે નાથાલાલ' એ રિવાજ છે. દ્રવ્ય નષ્ટ થાય પછી પરિવાર શો. જે કુટુંમ્બો પ્રેમભાવનાના તાંતણે જોડાયેલા હોય છે. તેઓ પોતાના વડિલોને જાળવે છે. તેની સેવા કરે છે. પણ જયાં એક છાપરા નીચે રહેતા ને ધર્મશાળામાં હોઇએ તેવું વર્તન રાખતા કુટુંબો વિચ્છિન્ન થઇ જાય છે. આધુનિક ટેક્નોલોજીએ પણ પરિવારમાં અલગતા વધારી દીધી છે. મોબાઇલ, ફેસબુક તથા ટીવી. આ ત્રણેય કુટુંબને ત્રણ ટુકડામાં વહેચ્યું છે. ટીવી. પરની તદ્દન બેહુદિ કાલ્પનિક વાર્તાઓ નાના બાળકોને ઝકડી રાખે છે તો કોમ્પ્યુટર તથા ફેસબુક યુવાનો માટે નવો ચોકો ઊભો કરે છે. પરિવાર સાથે બેસી જમે પણ નહિં. અને અંતે તો 'અન્ન જુદાં મન જુદા' વિભક્ત પશ્ચિમના કુટુંબોની અસરે વડિલોને પાછળ ધકેલી દીધા. તેમાંય આવક વિનાના વૃદ્ધોની માન-સન્માનનો ગ્રાફ નીચે ઉતરતો જાય છે. આ ગ્રાફ કેટલો નીચે ગયો છે તેનું એક ઉદાહરણ હમણાં સાંભળવા મળ્યું. એક લગ્નમેળામાં યુવતીએ યુવાનને પુછ્યું, 'તમારાં ઘરમાં ડસ્ટબીન કેટલા છે?'

યુવાનને નવાઇ લાગી હજી, કોમ્પ્યુટર, ફ્રીઝ કે ટીવી માટે આવો પ્રશ્ન થાય પણ ડસ્ટબીન...? યુવતી કહે ન સમજ્યો... ડસ્ટબીન એટલે વૃદ્ધો... મારે કેટલા વૃદ્ધો સાચવવાના છે? આ માટે જ આચાર્ય કહે છે. જયાં સુધી શક્તિ છે. કમાઇ શકો છો ત્યાં સુધી સાચી કમાઇ કરી લો. દ્રવ્ય નષ્ટ થશે પછી આપોઆપ આ સમાજમાંથી હડધૂત થવાના. દ્રવ્ય નથી તેને વળી પરિવાર કેવો. માટે પરમ-તત્ત્વની ભક્તિમાં ધ્યાન આપો. જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો.

ચોથા ચરણમાં તો આચાર્યે જ્ઞાનનો નિચોડ જ આપી દીધો. 'જ્ઞાતે તત્ત્વે' તત્વને જાણ્યા પછી આ સંસાર રહેતો નથી. આ તત્ત્વને જાણવું ને પામવું તે માનવ-જીવનનું એક માત્ર લક્ષ્ય હોવું જોઇએ. એના જ્ઞાન વિના તમામ પ્રયત્નો વૃથા છે. નરસિંહ મહેતા પ્રમાણએ "જયાં લગી આત્મા તત્ત્વ ચિત્યો નહિ - ત્યાં લગી સાધના સર્વ જૂઠી" પણ આપણે તો સમજ્યા વિના, જાણ્યા વિના જીવન જીવ્યા જઇએ છીએ. જે કોઇ એક માર્ગ જે આપણને પકડાવી દેવામાં આવ્યો હોય. તેના પરજ ઘેટાંની જેમ ગતિ કરતા રહીએ છીએ. એ માર્ગે તત્ત્વનું, બ્રહ્મનું જ્ઞાન થશે કે માયાના વમળમાં અટવાશું તે પણ જાણતા નથી. કયારેક બાહ્ય આચરણને સાદો સરળ તથા પ્રભાવક માર્ગ માનીને છીએ પરિણામે જીવનમાં મોટાભાગે મિથ્યાચાર તથા દંભ ફેલાય છે. આપણે ધાર્મિક દેખાવા પ્રયત્નો કરીએ છીએ. પણ જ્ઞાન માટે પ્રયત્નશીલ નથી હોતા. સાંસારિક મોહક છે. સરસ છે. તેમાં જ આનંદ છે તેવું માનતા થઇએ છીએ પણ આ સંસારનું સાચું સ્વરૂપ તો તુલસીદાસે નીચે પ્રમાણે દર્શાવ્યું છે.

'આ સંસાર ફૂલ સેચરકો, સુંદર દેખ લલચાઓ,
ચાખન લાગી, સઇ ગઇ ઊડી, હાથ કશું ન આયો'

રે, મન મુરખ જનમ ગવાંયો, જીવન પુરૂ થાય સમય વહી જાય પછી પસ્તાવાનો સમય આવે. માટે સમયસર તત્ત્વને, બ્રહ્મને જાણી લેવાનો પ્રયત્ન કરવો બ્રહ્મજ્ઞાન થતાં સંસાર આપોઆપ ખરી પડે છે. જેમ રીઠા-ચોર હોય તેમ રીઢા આધ્યાત્મવાદીઓ પણ હોય છે. પોતાના સ્વાર્થ માટે અધ્યાત્મના મંત્રો કે પ્રચલિત સૂત્રો અવારનવાર બોલતા રહે છે જેમ કે, 'આ તો માયા છે - પરમાત્મા સૌનું ધ્યાન રાખે છે. આ શરીર તો રાખ થઇ જવાનું' આમ બોલતા આ લોકોનો સંસાર પ્રત્યેનો મોહ જરા પણ ઓછો નથી હોતો કે નથી તેને ભગવાન પર વિશ્વાસ. ભોજા ભગત ચાબખો વીંઝે છે 'મેં તો ભોગળ ભારી ને બાબા તપાસ્યા તાણી તાણી' આટલું કર્યા પછી બોલે. 'મને તારો ભરોસો ભારે ભગવાનજી...'

હા, તત્ત્વને પામી ગયેલા મામસો પણ હોય છે જે આપણી જેમ જ ખાય-પીવે કામ કરે, છતા તેનું મન કયાંય ન રંગાય. સંસારમાં રહે પણ આવ અલગ... ભગવદ્ ગીતાજીમાં સ્થિતપજ્ઞનાં, ભક્તનાં, તથા ત્રિગુણાતિત સાંસારીક જનોનાં વર્ણન છે. તેઓ પોતાની ઓળખ આપતા નથી પણ તેને ઓળખવા નજીકના પરિચયમાં આવવું પડે. આવા લોકો આશ્રમ સ્થાપી નથી બેસતા પણ પોત-પોતાની સાધનામાં ઉચ્ચ સ્તરે પહોંચેલા હોય છે. સંસારની માયાથી સાવ અલિપ્ત હોય છે. માયા તેને સ્પર્શી શકતી નથી. તત્ત્વનો પાર પામેલાનું સહજ સૌખ્ય મળી જાય તો જીવન ધન્ય બને. દીપથી દીવો પ્રગટે... આપણા જીવનમાં પણ આવા કોઇ સંતનો સમાગમ થાય તેવી અભ્યર્થના સાથે....

# રોજીંદા જીવનમાં નાદયોગની - ઉપાસના કરવાથી મન શાંત-નિર્મળ તેમજ પ્રફુલ્લિત બને છે, રોજીંદા જીવનના ટેન્શન-સ્ટ્રેસમાં રાહત મળે છે અને એકાગ્રતા વધે છે

## નાદયોગ નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

વિશ્વના ધર્મગ્રંથો પર નજર કરીએ તો તેમાના મોટા ભાગના ધર્મગ્રંથોમાં એવું પ્રતિપાદિત થયું છે કે સૃષ્ટિનો આરંભ શબ્દ વડે થયેલો. આપણા દર્શનશાસ્ત્રોમાં વર્ણીત પાંચમહાભૂતોમાં સર્વપ્રથમ અને સૂક્ષ્મત્તમ મહાભૂત 'આકાશ' છે. આ આકાશ મહાભૂત સર્વત્ર વ્યાપ્ત છે. એમ કહી શકાય કે જયાં કોઇ જ નથી ત્યાં પણ આકાશ છે. વળી આ આકાશ મહાભૂત એ સૌપ્રથમ ઉદ્‌ભવેલ મહાભૂત છે આથી બાકીના મહાભૂતોમાં પણ આકાશનો અંશ રહેલ છે એમ કહી શકાય. દરેક મહાભૂતોને પોતાની તન્માત્રાઓ છે. આ તન્માત્રાઓ એટલે (એકદમ સ્થૂળ - પ્રાથમિક સ્વરૂપે કહીએ તો) મહાભૂતોની લાક્ષણિકતાઓ (Qualities). આકાશ મહાભૂતની તન્માત્રા છે 'શબ્દ'. આમ, જયારે કાંઇ જ ન હતું ત્યારે 'શબ્દ' હતો. બાઇબલમાં આ 'શબ્દ' નો ઉલ્લેખ 'લોગોસ' સ્વરૂપે કરાયેલ છે.

આપણા યોગશાસ્ત્રોમાં જણાવ્યું છે કે સૃષ્ટિની ઉત્પત્તિ માહેશ્વર સૂત્રો વડે થઇ. આ માહેશ્વર સૂત્રો ભગવાન શિવનાં ડમરુંમાંથી નીકળેલા. આમ, શબ્દ એટલે કે નાદ અનાદિ તેમજ સર્વત્ર વ્યાપ્ત છે. આ નાદને શેક્સપિયર 'બ્રહ્માંડનું સંગીત' કહે છે. આજની દુનિયામાં પણ આપણે જોઇએ તો ખ્યાલ આવે કે દરેક વસ્તુ-ચીજ ને પોતાનો એક અવાજ છે. આ અવાજ ઘર્ષણ કે આહત થવાથી પેદા થાય છે. જેમ કે સ્ટીકનો વાડકો અફળાય ત્યારે તેનો અવાજ, સવારણો જમીન પર ઘસાય ત્યારે તેનો અવાજ, નળમાંથી પાણી ટપકવાનો અવાજ... જો ધ્યાનથી અવલોકન કરો તો દિવસ દરમિયાન આપણે આવા હજારો-હજારો અવાજોનાં સંપર્કમાં આવતા હોઇએ છીએ. સ્થૂળ સ્વરૂપે સંભળાતા આ બધા અવાજોને 'આહત નાદ' કહે છે. આહત નાદ અંતર્ગત આપણને રોજીંદા સંભળાતા દરેક અવાજોનો સમાવેશ થઇ જાય છે.

આ ઉપરાંત એક બીજો નાદ છે. એ નાદ એટલે 'અનાહત નાદ.' આ નાદ અનાદિ, અનંત છે. સમગ્ર બ્રહ્માંડમાં તેમજ પીંડમાં વ્યાપ્ત છે. અલગ અલગ લોકોને તે અલગ અલગ સ્વરૂપે સંભળાય છે. કોઇને દરિયાના મોજા સ્વરૂપે, વાંસળીના સૂર સ્વરૂપે, મંજિરા કે ઘંટનાદ સ્વરૂપે, શંખનાદ સ્વરૂપે આદિ... યોગાચાર્યો આ અનાહત નાદનો ધ્યાનનો ઉપદેશ કરે છે. તેઓએ કહ્યું છે કે નાદ ઉપાસના એ યોગનો સરળત્તમ માર્ગ છે. આ માર્ગમાં કોઇ ભારે શારીરિક ક્રિયાઓ કરવાની નથી. ફક્ત શાંત ચિત્તે શરીરના તેમજ આસપાસ - સર્વત્ર વ્યાપેલા અનાહત નાદને ઓળખવા - સાંભળવાનો પ્રયત્ન કરવાનો છે.

યોગીએ શાંતચિત્ત રાખી, સુખાસનમાં બેસી, શક્ય હોય તો બંને કાનમાં રૂનાં પૂમડા ભરાવી દેવા જેથી બહારના બિનજરૂરી અવાજો ન સંભળાય, અથવા બંને અંગૂઠાઓ વડે કાનને ઢાંકી દઇ આંગળીઓ આંખ પર મુકવી ઓરડામાં બહુ વધુ પડતો પ્રકાશ ન રાખવો. શરૂઆતમાં મનમાં અનેક વિચારો આવે એવું બને. તેને આવવા દેવો, એક સમય એવો આવશે ત્યારે મનમાં વિચારો બંધ થઇ જશે. એ જ રીતે શરૂઆતથી જ શરીર અંદરના આધ્યાત્મિક નાદને સાંભળવાનો જુલમભેર પ્રયત્ન ન કરવો. જેમ - જેમ મન આંતરિક શરીર પર સ્થિર થશે તેમ-તેમ અલગ-અલગ ધ્વનિ સંભળાશે. હૃદય તેમજ રક્તવાહિનીઓના ધબકાર, આંતરડાના સંકોચન - વિસ્તરણના સૂક્ષૂમ ધ્વનિ આદિ સંભળાશે. આ બધા જ શારીરિક અવાજો છે જે કોઇ પણ વ્યક્તિ અનુભવી શકે છે. આધ્યાત્મિક નાદ સાંભળવા માટે વધુને વધુ ઊંડા ઉતરવું રહ્યું. જેમ-જેમ એકાગ્રતા સધાશે. તેમ-તેમ આધ્યાત્મિક નાદબ્રહ્મની વધુ નજીક પહોંચાશે.

નાદબિંદુ ઉપનિષદ મુજબ સાધકને અનેક પ્રકારના નાદની અનુભૂતિ થાય છે. પરંતુ જે અનાદિ - અનંત છે તે જ અંત છે. આથી સાધકે ઓમકારની ઉપાસના કરવી. જેમ જેમ સાધક નાદ સાધનામાં અભ્યસ્ત બને છે તેમ-તેમ તેને વિવિધ આધ્યાત્મિક નાદની અનુભૂતિ થાય છે અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. સાધકની ચિત્તશુદધિ થઇ તે પોતાના ઇષ્ટ સ્વરૂપને પામે છે. શાસ્ત્રોમાં ૬૪ નાદનું વર્ણન છે. આમાના ઘણાં ખરા નાદની અનુભૂતિ અભ્યાસ દ્વારા થઇ શકે છે. વ્યક્તિ તુરીય અવસ્થા સુધી પહોંચી શકે. ખુબ અભ્યાસ અને એકાગ્રતા વડે કુંડલિની શક્તિને પણ જાગૃત કરી શકાય, પણ આ માટે યોગ્ય માર્ગદર્શન અને તિવ્રત્તમ સાધના જરૂરી છે.

રોજીંદા જીવનમાં નાદયોગની - ઉપાસના કરવાથી મન શાંત-નિર્મળ તેમજ પ્રફુલ્લિત બન છે. રોજીંદા જીવનના ટેન્શન-સ્ટ્રેસમાં રાહત મળે છે અને એકાગ્રતા વધે છે. માનસિક દ્વંદ્વમાં રાહત મળે છે. સાધક અલગ પ્રકારની તાજગી અને આનંદ અનુભવે છે. જે સાધકને માનસિક અને તેથી શારીરિક-નિરામય બક્ષે છે.

- drkedarju@gmail.com